ગાંધીનગરસમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૦.૧ ડીગ્રી
લઘુતમ : ૧૦.૯ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૪૫ ટકા

# આજે વિવાહ પંચમી : સર્વાર્થ સિદ્ધિ યોગ

## આ વખતે વિવાહ લગ્ન પંચમીએ ચાર શુભયોગ એક સાથે બની રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૭

સોમવારે ૨૮ નવેમ્બરે માગશર મહિનાના સુદ પક્ષની પાંચમ છે. ગ્રંથો પ્રમાણે આ તિથિએ શ્રીરામ-સીતાના લગ્ન થયા હતા એટલે તેને વિવાહ પંચમી કહેવામાં આવે છે. આ તિથિએ તુલસીદાસજીએ રામચરિતમાનસ લખવાનું કામ પૂર્ણ કર્યું હતું એટલે આ તિથિએ શ્રીરામ-સીતાની પૂજા સાથે રામચરિતમાનસનો પાઠ અને રામરક્ષા સ્ત્રોતનો પાઠ કરવો જોઈએ. આ વખતે વિવાહ પંચમીએ ચાર શુભયોગ એક સાથે બની રહ્યા છે. આ યોગમાં ધર્મ-કર્મ કરી શકાય છે અને કોઈ શુભ કામની શરૂઆત કરી શકાય છે. આ વર્ષે વિવાહ પંચમીએ સર્વાર્થ સિદ્ધિ યોગ સવારે ૧૦.૨૯ વાગ્યાથી શરૂ થશે. રવિ યોગ સવારે ૧૦.૩૦ વાગ્યાથી શરૂ થશે. વૃદ્ધિ યોગ સવારથી લઈ સાંજે ૬.૦૦ વાગ્યા સુધી રહેશે. સાથે જ ધ્રુવ યોગ પણ આખો દિવસ રહેશે તેમ જ્યોતિષ દ્વારા જણાવાયું હતુ. વિવાહ પંચમીએ બની રહેલાં આ યોગમાં ગૃહ પ્રવેશ વિવાહ વગેરે માંગલિક કાર્યો થાય છે. સર્વાર્થ સિધ્ધિ યોગમાં શરૂ કરેલાં કાર્ય જલ્દી સિધ્ધ એટલે કે સફળ થઈ જાય છે. વૃધ્ધિ યોગમાં શરૂ કરેલાં કાર્ય વૃદ્ધિ એટલે કે વધારો આપનાર હોય છે. રવિયોગમાં કામની શરૂઆત કરવાથી સૂર્યગ્રહની કૃપા મળે છે જેથી બધા કામ વિઘ્ન વિના પૂર્ણ થાય છે. જ્યારે શ્રીરામ તથા લક્ષ્મણ ઋષિ વિશ્વામિત્રની સાથે જનકપુરી પહોંચ્યા તો રાજા જનક બધાને આદરપૂર્વક પોતાની સાથે મહેલ લઈ ગયા. બીજા દિવસે સવારે જ્યારે શ્રીરામ અને લક્ષ્મણ ફૂલ લેવા બગીચામાં ગયા ત્યારે તેમણે દેવી સીતાને જોયા. બીજા દિવસે રાજા



જનકના આમંત્રણને સન્માન આપીને ઋષિ વિશ્વામિત્ર, શ્રીરામ અને લક્ષ્મણ સીતા સ્વયંવરમાં ગયા. જ્યારે શ્રીરામ સીતા સ્વયંવરમાં પહોંચ્યા ત્યારે જે રાક્ષસ રામનો વેષ ધારણ કરીને ત્યાં આવ્યા હતા તેમને શ્રીરામના રૂપમાં પોતાનો કાળ દેખાવા લાગ્યો. તેના પછી શરત મુજબ ત્યાં હાજર તમામ રાજાઓએ શિવ ધનુષ ઉઠાવવાનો પ્રયાસ કર્યો પરંતુ એક પણ રાજા સફળ થયા નહી. છેલ્લે શ્રીરામ શિવ ધનુષને ઉઠાવવા ગયા. શ્રીરામે ખૂબ સ્ફૂર્તિથી ધનુષ ઉપાડી લીધુ અને પ્રત્યંચા બાંધતી વખતે તે તુટી ગયું. સીતાજીએ વરમાળા શ્રીરામજીને પહેરાવી. તે સમયે ત્યાં પરશુરામ આવી ગયા. તેમણે જ્યારે શિવજીનું ધનુષ તુટેલું જોયું ત્યારે તેઓ ખૂબ ગુસ્સે થયા અને રાજા જનકને પૂછ્યું કે આ કોણે કર્યું? પરંતુ ભયના કારણે રાજા જનક કશું જ બોલી શક્યા નહી. પરશુરામે જ્યારે શ્રીરામના રૂપમાં ભગવાન વિષ્ણુની છબિ જોઈ ત્યારે તેમણે પોતાનું વિષ્ણુ ધનુષ શ્રીરામજીને આપીને તેને ખેંચવા માટે કહ્યું. ત્યારે પરશુરામે જોયું કે ધનુષ સ્વયં શ્રીરામના હાથમાં જતું રહ્યું. આ જોઈને તેમના મનની શંકા દૂર થઈ ગઈ અને તેઓ તપ માટે વનમાં જતા રહ્યા. માહિતી જ મળતા જ રાજા દશરથ, ભરત, શત્રુઘ્ન તથા પોતાના મંત્રીઓ સાથે જનકપુરી આવી ગયા. ગૃહ, તિથિ, નક્ષત્ર યોગ વગેરે જોઈને બ્રહ્માજીએ તેના ઉપર વિચાર કર્યો અને તે લગ્ન પત્રિકા નારદજીના હાથે રાજા જનક સુધી પહોંચાડી. શુભ મુહૂર્તમાં શ્રીરામની જાન આવી ગઈ. જેમના લગ્નમાં મુશ્કેલીઓ આવી રહી હોય તેમને પંચમીએ શ્રીરામ અને માતા સીતાના લગ્ન કરાવવા જોઈએ.

## જન્મદિને વધામણી



સુર્યાબેન સુરેશભાઈ પ્રજાપતિ
મો. ૯૨૭૪૮ ૬૦૮૬૦



જિજ્ઞેશકુમાર જીવણજી ઠાકોર
મો. ૮૧૪૧૬ ૫૬૨૨૯



આરવ હાર્દિક શાહ
મો. ૯૮૨૫૩ ૮૧૦૧૫



ચિરાગ ગુણવંત ગોહેલ
મો. ૯૯૨૪૦ ૨૪૬૫૬

# ગાંધીનગર ખાતે મતદાન જાગૃતિ અંગે ચિત્ર સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૭

વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને આજની યુવા પેઢી વધુમાં વધુ મતદાન કરે એ માટે પ્રયોશા મહિલા વિકાસ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ અને ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન - મિલાપ ટાટારિઆ દ્વારા સેક્ટર-૧૩/એ ખાતે મતદાન જાગૃતિના વિષય પર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ગાંધીનગરના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ભાગ લેનાર તમામ સ્પર્ધકો પોતાની કલા અને આવડત વડે મતદાન જાગૃતિના વિષય પર ચિત્ર દોરી અનેક સંદેશો આપી રહ્યા હતા અને પ્રયોશા મહિલા વિકાસ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના લક્ષ્મી જોષીનો વિશેષ સહયોગ રહ્યો હતો. સ્પર્ધામાં પ્રથમ વિજેતા વૈદિક જૈન, દ્વિતીય વિજેતા હાર્દ વસાવડા અને તૃતીય વિજેતા તુલસી ઠાકોર રહ્યા હતા. વિજેતાઓને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા તથા ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર અને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.






સામાજિક કાર્યકર અને યુવા અગ્રણી રાજન ત્રિવેદીને ગ્લોબલ એચિવર્સ એવોર્ડ ૨૦૨૨ એનાયત ગોપાલ કિરણ સમાજ સેવી સંસ્થા ગ્વાલિયર દ્વારા ગ્લોબલ એચિવર્સ ડૉ બી આર આંબેડકર એવોર્ડ – ૨૦૨૨ અને કોક્લેવ ૨૭ નવેમ્બર ૨૦૨૨ના રોજ અમદાવાદ ઈંડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ ખાતે ગાંધીનગરના સામાજિક કાર્યકર અને યુવા અગ્રણી રાજન ત્રિવેદી ને ગ્લોબલ એચિવર્સ એવોર્ડ ૨૦૨૨ એનાયત કરવામાં આવ્યો હતો.



સિનિયર સિટીઝન બર્થ ડે ગ્રુપ પરિવારનો નવેમ્બર માસનો બર્થ ડે સેલિબ્રેશન તા ૨૬/૧૧/૨૨ને શનિવાર વારે નિસર્ગ કોમ્યુનિકેશન સાયન્સ સેન્ટર સેક્ટર-૨૩ ગાંધીનગરમાં મેજિશિયનના હેરત પમાડે તેવા પ્રયોગો સાથે સંપન્ન થયો તેમાં જન્મદિવસ હતો.તે પ્રસંગે ૭૨ સિનિયર સિટીઝન ભાઈબહેનો ભાગ લીધો હતા અંતમાં સિનિયર સિટીઝનો ડાન્સ અને ગરબામાં ઝુમી ઉઠ્યા હતા.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.ઠક્કર રતિલાલ ચતુરભાઈ** ઉ.વ. ૮૪, સેક્ટર-૪
- **સ્વ.જાદવ કાંતિલાલ દાનાભાઈ** ઉ.વ.૭૩, પેથાપુર
- **સ્વ.પ્રજાપતિ ભગવતીબેન લાલુભાઈ** ઉ.વ.૫૧, આદિવાડા

**ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ ખાતે**

# એસસી.એસટી વિશે પેરાલીગલ વોલન્ટીયર સુધીરભાઈ દેસાઈ એ વક્તવ્ય આપ્યું



ગુજરાત વિદ્યાપીઠ , અમદાવાદ ના એસ.સી.એસ.ટી. સેલ દ્વારા એસ.સી.એસ.ટી એકટ પર એક વક્તયનું આયોજન કરવામાં આવેલ જેમાં કાર્યક્રમ ના અન્ય વક્તાશ્રીઓ સાથે મુખ્ય મહેમાન તરીકે અને મુખ્ય વક્તા તરીકે પેરા લીગલ વોલન્ટીયર સુધીર દેસાઈ દ્વારા એસ.સી એસ .ટી એકટનાં વિવિધ પ્રાવધાનો અંગે વિશદ જાણકારી આપવામાં આવેલ.કાર્યક્રમ નાં અધ્યક્ષ સ્થાને વિદ્યાપીઠના સંયોજક શ્રી કમલેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.અને લગભગ ૩૦૦ ની સંખ્યામાં અનુસ્નાતક વિદ્યાર્થીઓ શિસ્તબદ્ધ શ્રોતાઓની ઉપસ્થિતિ હતી .સફળ સંચાલન અને આયોજન પ્રો.નિરજ સીલવટ નું હતું

# ઘુંઘટ હોટલ પાસેના રેલવે ફાટકે ફરી સર્જાઈ ટ્રાફિકજામની સમસ્યા

**રવિવારની રજાના દિવસે લગ્નોની ભરમાર અને જોરશોરમાં ચાલી રહેલા ચૂંટણી પ્રચારને પગલે સાંજે ચક્કાજામની સ્થિતિ સર્જાઈ : રાંધેજા રોડ પર વિકાસને પગલે સતત ટ્રાફિકમાં થઇ રહેલો વધારો : દિવસમાં અનેકવાર ટ્રાફિક જામથી વાહનચાલકોને હાલાકી**

ગાંધીનગર તા.૨૭

ગાંધીનગરના સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર રાંધેજા તરફ જવાના મુખ્ય માર્ગે ઘુંઘટ હોટલ પાસેના રેલ્વે ફાટકે હવે ટ્રાફિકમાં વધારો થતાં આમ પણ મુશ્કેલી પડી રહી છે. વળી, આ રેલ્વે ફાટક દિવસમાં ત્રણથી ચાર વાર બંધ થાય છે જેના કારણે વાહનોની ખૂબ લાંબી લાઈન લાગી જાય છે. અત્યારે એક તરફ રવિવારની રજાને કારણે ચૂંટણી પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો હતો ત્યારે બીજી તરફ આ માર્ગ ઉપર ખૂબ મોટી સંખ્યામાં પાર્ટી પ્લોટ આવેલા છે અને લગ્નસરાની સીઝન જામી હોવાથી આ માર્ગ આજે સાંજના સમયે ફાટક પાસે ભયંકર ટ્રાફિક જામ થવા પામ્યો હતો અને અસંખ્ય વાહનચાલકો પરેશાનીનો ભોગ બન્યા હતા.

આજે રવિવારની રજાના દિવસે ગાંધીનગર તાલુકામાં ગ્રામ્ય વિસ્તારમાં ઉમેદવારોએ પ્રચાર અભિયાન જોરશોરમાં હાથ ધર્યું હતુ જ્યારે બીજી તરફ લગ્ન ગાળો પણ જામ્યો હોવાથી ભરપૂર સંખ્યામાં લગ્ન સમારંભના આયોજનો જોવા મળી રહ્યા છે. આ સ્થિતિના કારણે સાંજના સમયે ગાંધીનગર રાધેજા માર્ગ ઉપર ભયંકર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. વળી, છેલ્લાં કેટલાંક સમયથી ગાંધીનગર શહેરનો વિકાસ ઝડપી બન્યો છે અને મહાનગરપાલિકામાં વોર્ડ નં.૧માં સમાવેશ બાદ સમગ્ર રાંધેજા વિસ્તારમાં નવી ટીપીઓ વિકસિત થઈ રહી હોવાથી રિયલ એસ્ટેટ ક્ષેત્રે નવી અનેક રહેણાંક તેમજ કોમર્શિયલ સ્કિમો બની રહી છે. સતત વિકસી રહેલા આ વિસ્તારમાં જુના ગાંધીનગર શહેર સાથે જોડતો આ મુખ્ય માર્ગ પર દિન પ્રતિદિન ટ્રાફિકમાં ખૂબ વધારો થઈ ગયેલો નોંધાઈ રહ્યો છે. આ સ્થિતિમાં ઘુંઘટ હોટલ પાસેનું રેલ્વે ફાટક બંધ હોય ત્યારે વાહનોની લાંબી કતારો લાગી




જાય છે. ખાસ કરીને પિકઅપ અવર્સમાં દરરોજ ટ્રાફિક જામની સ્થિતિ સર્જાતા વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડે છે. આ માર્ગ પર રેલ્વે ફાટકે ઓવરબ્રિજ બનાવાય તેવી માંગ આ વિસ્તારના રહીશો અને વ્યવસાયકારોમાં બળવત્તર બનતી જઈ રહી છે.

# દિકરીઓને ૧૮૫ વસ્તુઓનો કરિયાવર

**સંદેશ : સાસરિયામાં આવતી દીકરી શું-શું લાવી એના કરતા કેટલું બધુ મૂકીને આવી તેનો જ્યારે સમાજ વિચાર કરશે ત્યારે સમાજમાંથી સુગંધ આવશે**

ગાંધીનગર, તા. ૨૭

આ સૃષ્ટિમાં સૌથી મોટું અને મહાદાન કંઈ હોય તો એ ‘કન્યાદાન’ સિવાય બીજું દાન ન હોઈ શકે. એટલે જ કોઈએ લખ્યું છે કે ‘નિકાલ કે જીસ્મ સે જો અપની જાન દેતા હૈ, બડા હી મજબૂત હૈ વો પિતા જો કન્યાદાન દેતા હૈ.’ ત્યારે ગાંધીનગરમાં સેવાકીય ક્ષેત્રે ખૂબ જ સારી નામના પ્રાપ્ત કરનાર અને સેવાભાવી કાર્યકર્તાઓ સાથે રહીને અનેક પ્રકારના સેવાકાર્ય કરી સમાજના જરૂરિયાતમંદ લોકોને સાચા અર્થમાં મદદ કરી આપવાનો સંકલ્પ અને ભાવ છે તેવા રાધે રાધે પરીવાર દ્વારા લગ્ન કરતી દિકરીઓ માટે અનોખી સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે.

પિતાનો અઢળક પ્રેમ અને માતાનો નિર્મલ વ્હાલ ભેગુ થાય અને આકાશમાં હેલી ચડે ને વાદળી બંધાય જે આનંદ વર્ષે એનું નામ દીકરી... આ વાક્યને ચરિતાર્થ કરવા ગાંધીનગરના રાધે રાધે પરીવાર દ્વારા ગાંધીનગરમાં જ દિકરીઓના લગ્ન થવાના છે જેઓની આર્થિક પરિસ્થિતિ ઓછી છે તેવી બે દીકરીઓને ૧૮૫ થી વધુ વસ્તુઓનો કરિયાવર ‘વી હમ’ ગ્રુપના પારૂલબેન અને નરેન્દ્રભાઈ, આર.સી. સેલ્સના રાકેશભાઈ પ્રજાપતિના હસ્તે અર્પણ કરી આજના યુગમાં કંઈક અલગ જ સંદેશો પૂરો પાડ્યો છે.

જેમાં સમગ્ર કાર્યમાં આર્થિક રીતે પ્રતિકભાઈ પટેલ અને એમના સાથી મિત્રોના સહકારથી કાર્ય પૂર્ણ કર્યુ હતુ અને આગામી દિવસોમાં અન્ય જરૂરિયાતમંદ દિકરીઓને આવી જ સેવાનો લાભ અર્પણ કરાશે તેમ રાધે રાધે પરીવાર દ્વારા જણાવવામાં આવ્યું હતું. રાધે રાધે પરિવાર દ્વારા સમાજને એક સંદેશો આપવો છે કે સાસરિયાવાળા કે ગામવાળા પૂછે કે વહુ કરિયાવરમાં શું લાવ્યા ? ત્યારે કન્યાની લાગણીયોનો અહિંયા કોઈ જ વિચાર નથી કરતુ હકીકતમાં સાસરિયામાં આવતી દીકરી બાપને ઘરેથી શું-શું લાવી એના કરતા કેટલું બધું મૂકીને આવી છે. મા-બાપ ઘર-બાર પરિવાર-ગામ આ બધું મુકીને આવી છે. આ વસ્તુનો જ્યારે સમાજ વિચાર કરશે ત્યારે સમાજમાંથી સુગંધ આવશે.

દીકરાના ઘરનો વંશવેલો વધારવા કોઈ મા-બાપની દિકરીનું દાન લેવાનું જે મા-બાપના હૃદયનો ટુકડો કહી શકાય, સૌની દુલારી, એના ઘરની લક્ષ્મી, એના ઘરની શોભા, એના ઘરનું કુમળુ ફૂલ, આખા ઘરનું ધબકતું હૃદય, ઘરના તમામની એકમાત્ર દેખરેખ રાખવાવાળી નર્સ અને સૌના સ્મિતનું સદાય કારણ બનવાવાળી બાપની સલાહકાર, બાપનુ અભિમાન, બાપનું ગૌરવ વધારનાર, બાપના મનને વાંચનારી, બાપનો પુરા દિનનો થાક બસ એક પ્યારી મુસ્કાનથી ઉતારી દેનારી, આખા ઘરની કરોડરજ્જુ સમાન દિકરી જેને દીકરાના પરિવારે ઘરની શોભા અને વંશને આગળ વધારવા લાવવી એ દીકરાના પરિવાર માટે એક મોટી જરૂરિયાત અને મોટો ઉપકાર છે. આટલું મોટું કન્યાનું દાન પછી બીજી અપેક્ષાઓ એક દિકરીના પિતા પાસે રાખવી એ સમાજમાં લોકોએ વિચારવું પડશે. ગરીબ પરિવારોમાં દિકરીના પિતાને દેવુ કરી કરીને કરિયાવર આપવાનો વારો આવે છે. તેમ છતાં સાસરિયા પક્ષ તરફથી મોહ છૂટતો હોતો નથી. ઘણા ખરા કિસ્સાઓ સમાજમાં રોજબરોજ બની રહ્યા છે જેમાં દહેજના કારણે દિકરીઓ આપઘાત કરે છે ત્યારે સમાજમાં ગાંધીનગરના રાધે રાધે પરીવાર દ્વારા દિકરીઓને ૧૮૫ થી વધુ વસ્તુઓનો કરિયાવર આપીને એક સાચો અને સ્મરણ કરવાલાયક સંદેશ આપવામાં આવ્યો છે જેના થકી સમાજમાંથી ખરેખર સુગંધ આવશે જો સમાજના લોકો તેનું અનુકરણ કરશે.